| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

તા.૦૪/૦૨/૨૦૨૦  મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૨૨૮/૨૦૨૦**

## ગુમ થયેલ છોકરો અંબાજીથી મળી આવવા બાબત

### નારોલ પોલીસ સ્ટેશન :

### સગીરવયના કિશોર ને શોધી કાઢતી નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી આશિષ ભાટીયા સાહેબ તેમજ સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૨ સાહેબ તેમજ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૬ સાહેબ તેમજ ઇ.મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “કે” ડીવીજન સાહેબ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેર વિસ્તારમાં સગીરવયના ગુમ બાળકો ના અપહરણના બનાવો સબંધે ફરીયાદી/અરજદારની આવી કોઇ રજુઆત/ફરીયાદ તો તાત્કાલિક ફરીયાદ દાખલ કરાવી ભોગબનનાર તથા આરોપીને શોધી કાઢી જરૂરી કાર્યવાહી કરવા સુચન કરેલ હોય જેથી પો.ઇન્સ. એસ.એ.ગોહિલ નારોલ પોલીસ સ્ટેશન નાઓએ નારોલ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ નારોલ પો.સ્ટે. PART-A-11191065200076/2020 ઇપીકો કલમ ૩૬૩ મુજબ ફરીયાદના કામે ફરી.નો સગીરવયનો દિકરો ઉ.વ.૧૫ વર્ષ ૨ માસ નાનો ગઇ તા:૩૧/૦૧/૨૦૨૦ ના રોજ બપોરના સાડા ત્રણેક વાગ્યાના સુમારે ફરી.ના ઘરેથી મોબાઇલ રીપેરીંગ કરાવવા માટે રુદ્ર ગ્રીન કોમ્પ્લેક્ષમાં જાઉ છું તેમ કહી નિકળેલ જે ફરી.ના દિકરાનું ફરી.ના ઘરેથી કોઇ અજાણ્યા ઇસમે કોઇ કારણસર અપહરણ કરી લઇ ગયેલ હોવા અંગેની ફરીયાદ અંગે પો.ઇન્સ. એસ.એ.ગોહિલ તથા સ્ટાફ દ્વારા હ્યુમન સોર્સિસ તથા મોબાઇલ ફોન કોલ ડીટેઇલ તથા કોલ ડીટેઇલ એનાલીસીસ કરી તથા મોબાઇલ ફોનના લોકેશન આધારે તપાસ કરી કરાવતા સગીરવયનો છોકરો અંબાજી ખાતે હોવાની મળેલ હકિકત આધારે અત્રેથી ટીમના માણસો મોકલી સગીરવયના છોકરાને લઇ આવી કબ્જો સંભાળી તપાસ દરમ્યાન કાંઇ ગુન્હાહીત જણાયેલ નહીં અને સગીરવયનો છોકરો ફરવા માટે જતો રહેલ તે તા. ૦૪/૦૨/૨૦૨૦ ના રોજ મળી આવતા તેના માતા પિતાને સુપ્રત્ત કરવામાં આવેલ છે. જે નારોલ પોલીસ દ્વારા કિશોરને શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે. તા.૦૪/૦૨/૨૦૨૦

**શાહીબાગ પોલીસ સ્ટેશન :**

## સિવિલ હોસ્પીટલ સખી વન સ્ટોપ સેન્ટર માંથી સારવાર દરમ્યાન ગુમ થનાર બહેનને તેની માતા સાથે મેળાપ કરાવતી શાહીબાગ "શી" ટીમ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨, અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી, ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,'એફ' ડીવીઝન, અમદાવાદ શહેર તથા સિનિ.પો.ઈન્સ.શ્રી એ.કે.પટેલ સા.ની સુચના આધારે શાહીબાગ પોલીસ સ્ટેશન "શી" ટીમ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમ્યાન કંટ્રોલના કલાક ૧૯/૩૮ ના મેસેજ આધારે તેણી માતાને અત્રે શાહીબાગ પોલીસ સ્તેશન આવી જાહેરાત કરેલ કે મારી દિકરી નામે ગુમ થનાર નામે હિનાબેન ડો/ઓ હરેશભાઇ જગદીશભાઇ વાજાર ઉવ.૨૦ રહે. નવી સુંદરપુરી છાપરા ખોડીયાર મંદિર પાછળ, ગાંધીધામ કચ્છ ભુજ આજરોજ સખી વન સ્ટોપ સિવિલ હોસ્પીટલ સારવાર માટે આવેલ અને ચાલુ સારવાર દરમ્યાન મને કોઇ જાણ કર્યા વગર પોતાની રીતે ગાંધીધામ ઘરે એકલી જવા રવાના થઇ ગયેલ છે જેથી તેણી માતાને વધુ પુછપરછ કરતા તેણી માતા પાસેથી તેણી દિકરીનો મોબાઇલ નંબર મેળવી તે મોબાઇલ ઉપર કોંટેક કરતા સરખેજ થી આગળ નીકળી હોવાનું જણાવેલ જેથી આગળના પોલીસ સ્ટેશન સાણંદ ખાતે સમ્પર્ક કરીને આ બેનને સાણંદ પો.સ્ટે. બેસાડી ત્યારબાદ એમણી માતા આ વિસ્તારથી જાણકાર ન હોઇ જેથી શાહીબાગ શી ટીમ દ્વારા અત્રેની સરકારી બોલેરો ગાડી લઇ તેણી માતા સાથે સાણંદ પો.સ્ટે. જઇ તેણી દિકરી નામે હિનાબેનને તેની માતા પ્રવીણાબેન નાઓ સાથે મુલાકાત કરાવી તેનો કબ્જો સહી સલામત સોપેલ છે ત્યારબાદ તે બન્નેને ગાંધીધામ કચ્છ ભુજની બસમાં બેસાડી તેમના વતન ખાતે મોકલી આપેલ છે.

**ગુમ થનાર;-** હિનાબેન હરેશભાઇ જગદીશભાઇ વાજાર ઉવ.૨૦ રહે. નવી સુંદરપુરી છાપરા ખોડીયાર મંદિર પાછળ, ગાંધીધામ કચ્છ ભુજ

**માતા;-** પ્રવિણાબેન હરેશભાઇ જગદીશભાઇ વાજાર ઉવ.૪૩ રહે. નવી સુંદરપુરી છાપરા ખોડીયાર મંદિર પાછળ, ગાંધીધામ કચ્છ ભુજ



# પાસા અટકાયતી ની વિગત

## સાબરમતી પોલીસ સ્ટેશન :

## પ્રોહીબીશન સબંધી પાસા અટકાયતીની ધરપકડ કરતી સાબરમતી પોલીસ

માનનીય પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર, સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧, નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “એલ” ડિવિઝન અમદાવાદ શહેર નાઓએ પ્રોહી/જુગારની પ્રવુતી સદંતર નેસ્ત નાબુદ કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય જે સુચના આધારે પોલીસ ઇન્સપેક્ટર શ્રી સાબરમતી પો.સ્ટે. નાઓના સુપરવિઝન હેઠળ સાબરમતી પો.સ્ટે. વિસ્તારમાં આવા ગુનાઓ આચરતા ઇસમો ઉપર સતત વોચ રાખી બાતમી હકીકત આધારે સુભાષ સ/ઓ જુહાજી લાધાજી ઠાકોર ઉ.વ.૨૮ રહે.૫૫૪, ભાલુજીનો વાસ ગામ.ટીટોડા તા.જી.ગાંધીનગર નાઓ વિરૂધ્ધ ભારતીય દેશી દારૂનો કેસ કરવામાં આવેલ હોય અને સદરી આરોપીની આવી પ્રવુતી પ્રોહી કલમ 93 કે જી.પી.એક્ટ કાયદાની સામાન્ય જોગવાઇઓ અનુસાર તાત્કાલીક અટકાવી શકાય તેમ ન હોય સદરી આરોપી વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ આરોપીને પાસા અટકાયતમા લેવા ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૧૩૫/૨૦૨૦ તા.03/૦૨/૨૦૨૦ ના રોજ હુકમ કરતા સદર હુકમ આધારે સદરી આરોપીને તા.03/૦૨/૨૦૨૦ ના રોજ પાસા અટકાયતીના હુકમની બજવણી કરી ડીટેન કરી મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી આપેલ છે.

| | |
|---|---|
| **કામગીરી કરનાર અધિકારી/કર્મચારી:**<br>**(૧) LR ભાગ્યપાલસિંહ વિજયસિંહ બ.નં.૧૨૦૪૭**<br>**(3) HC કમરૂદીન હુસેનમીયાં બ.નં.૪૧૦૧** |  |

## ગુના નિવારણ શાખા :

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયાનાઓએ તા.૩.૨.૨૦૨૦ નારોજ અમદાવાદ શહેરના જુદા-જુદા પોસ્ટે વિસ્તારમાં શરીર સબંધી/મિલક્ત સબંધી/પ્રોહીબીશનની ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

- અમદાવાદ શહેરના અમરાઈવાડી પોલીસ સ્ટેશન વિસ્તારમા પોતના સાગરિતો સાથેમળી ફરીયાદીના કારખાના ના મુખ્ય દરવાજાનુ લોક તોડી શટર ઉચુ કરી કારખાનામા પ્રવેશ કરી કોપર વાયરની ચોરી લઈ જઈ ચોરી કરી મેળવેલ મુદામાલ વેચાણ કરવાના ઈરાદે પોતાના કબ્જામા રાખી એકબીજાના મેળાપીપણામા આર્થિક નાણાકીય લાભ મેળવવાના ઈરાદે જાહેર જનતાને આર્થિક નુકશાન કરી આવી ગુનાહિત અસામાજીક પ્રવૃતિ આચરી જાહેર જનતામા અસલામતીની દહેશત પેદા કરનાર ઈસમ જયપાલ ઉર્ફે જપો કાનાભાઈ વાસુરભાઈ ઢીલા (આહિર) રહેવાસી- ગામ- કરદેજ તા.જિ.- ભાવનગર વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી વડોદરા જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | જયપાલ ઉર્ફે જપો કાનાભાઈ વાસુરભાઈ ઢીલા (આહિર) રહેવાસી- ગામ- કરદેજ તા.જિ.- ભાવનગર |

- અમદાવાદ શહેરના નારોલ તથા દાણીલીમડા પોલીસ સ્ટેશન વિસ્તારમા પોતાના સાગરિતો સાથે એકસંપ થઈ ગે.કા. મંડળી રચી પોતાનો સમાન ઈરાદો પાર પાડવા સારુ જમીનનો બળજબરીથી કબ્જો લેવા સારૂ ગુનાહિત કાવતરુ રચી બોલેરો ગાડી તથા ટુ વ્હીલર પર પોતાના હાથમા તલવાર તથા લાકડી તથા લોખડની પાઈપ જેવા હથિયારો લઈ આવી લોકોના શરીરે માર મારી ઈજાઓ કરનાર તથા મો.સા.ની ચોરી કરનાર માથાભારે ઇસમ નામે ફઈમ ઈસ્માઈલભાઈ ઉર્ફે ટેમ્પો અહેમદભાઈ શેખ રહેવાસી-મ.ન.૧૧ ચિરાગ પાર્ક અલરજાક ફ્લેટ બોમ્બે હોટલ બીઆરટીએસ વર્કશોપની અંદર દાણીલીમડા અમદાવાદ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી ભુજ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | ફઈમ ઈસ્માઈલભાઈ ઉર્ફે ટેમ્પો અહેમદભાઈ શેખ રહેવાસી-મ.ન.૧૧ ચિરાગ પાર્ક અલરજાક ફ્લેટ બોમ્બે હોટલ બીઆરટીએસ વર્કશોપની અંદર દાણીલીમડા અમદાવાદ |

- અમદાવાદ શહેરના બાપુનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા પોતાના સાગરિતો સાથે મળી લોકોને પોતાની ઓટોરિક્ષામા પેસેંજર તરીકે બેસાડી પેસેન્જરોની નજર ચુકવી પર્સ કે જેમા રહેલ રોકડા નાણા તથા ડોકયુમેંટની ચોરી કરી લઈ જઈ એકબીજાના મેળાપીપણામા આર્થિક લાભ મેળવવાના ઈરાદે જાહેર જનતાને આર્થિક નુકશાન કરી આવી ગુનાહિત અસામાજીક પ્રવૃતિ આચરી જાહેર જનતામા અસલામતીની દહેશત પેદા કરનાર બહેન નામે સેજલબેન ઉર્ફે સોનુ ઉર્ફે ચકુડી રમેશભાઈ પટણી રહેવાસી- શાઁતિનગર ના છાપરા સંજોગનગરની બાજુમા મેઘાણીનગર અમદાવાદ મુળ વતન ગામ- સંબોસણ તા- પાટણ  વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી સુરત  જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | સેજલબેન ઉર્ફે સોનુ ઉર્ફે ચકુડી રમેશભાઈ પટણી રહેવાસી- શાઁતિનગર ના છાપરા સંજોગનગરની બાજુમા મેઘાણીનગર અમદાવાદ મુળ વતન ગામ- સંબોસણ તા- પાટણ |

- આ ઉપરાંત પ્રોહીબીશનની  ગુનાઓની પ્રવૃતિ સાથે સંકળાયેલ અન્ય ૧ ઇસમ મળી **કુલ્લે ૪ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી** તેઓને સુરત જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.